**SARDAR PATEL UNIVERSITY**
**MA (II Semester) EXAMINATION**
**Monday, 16th April 2012**
**11.00 a.m. to 2.00 p.m.**
**PA02CGUJ01 : MODERN GUJARATI POETRY (URMIKAVYA)**
**(અર્વાચીન ગુજરાતી કવિતા : ઊર્મિકવિતા)**

**કુલ ગુણ: ૭૦**

પ્ર.૧ નીચેના હેતુલક્ષી પ્રશ્નોના જવાબ આપો. (૧૦)

૧. નીચેનામાંથી કયા કાવ્યસ્વરૂપનો સમાવેશ ઊર્મિકાવ્યમાં કરી શકાય નહિ.
(अ) ગીત
(ब) ગઝલ
(क) સોનેટ
(ड) ખંડકાવ્ય

૨. 'મુખડો' અને 'ધ્રુવપંકિત' કયા કાવ્યસ્વરૂપમાં પ્રયોજાય છે ?
(अ) ગીત
(ब) ગઝલ
(क) સોનેટ
(ड) ખંડકાવ્ય

૩. સાચી વિગતવાળું જોડખું જણાવો.
વિધાન:(A) છંદમાં ન મૂકી શકાય તેવી અનુભૂતિની જેમાં અભિવ્યકિત થાય તે ઊર્મિકાવ્ય.
(B)છંદ હોય કે નહિ છતાં જેમાં કોઇ ઊર્મિની અભિવ્યકિત સધાય તે ઊર્મિકાવ્ય.
(a) A અને B બન્ને સાચાં છે.
(b) A અને B બન્ને ખોટાં છે.
(c) A સાચું છે અને B ખોટું છે.
(d) A ખોટું છે અને B સાચું છે.

૪. સાચી વિગતવાળું જોડખું જણાવો.
(A) સોનેટ ઊર્મિકાવ્ય છે કારણ કે તે છંદમાં હોય છે.
(B) ગઝલ ઊર્મિકાવ્ય છે કારણ કે તે અરબી-ફારસી છંદમાં લખાય છે.
(a) A અને B બન્ને ખોટાં છે.
(b) A સાચું છે અને B ખોટું છે.
(c) A અને B બન્ને સાચાં છે.
(d) A ખોટું છે અને B સાચું છે.

૫. નીચેનામાંથી 'મારી આંખે કંકુના સૂરજ આથમ્યા' પંક્તિ ધરાવતા રાવજી પટેલના ગીતનું સાચું શીર્ષક જણાવો.
(૧) 'આથમતા સૂરજની અનુભૂતિનું ગીત'
(૨) મૃત્યુના આભાસનું ગીત
(૩) આભાસી મૃત્યુનું ગીત
(૪) મારી આંખે કંકુના સૂરજ આથમ્યા

૬. નીચેનામાંથી રાવજી પટેલનું પૂરું નામ જણાવો.
(૧) રાવજીભાઈ છોટાભાઈ પટેલ
(૨) રાવજી છોટાલાલ પટેલ
(૩) રાવજીકુમાર છોટાલાલ પટેલ
(૪) રાવજીલાલ છોટાલાલ પટેલ

૭. (A) રાવજી પટેલ કવિ ઉપરાંત નવલકથાકાર પણ છે.
(B) રાવજી પટેલ કવિ ઉપરાંત વિવેચક પણ છે.
(a) A અને B બન્ને વિધાન સાચાં છે.
(b) A અને B બન્ને વિધાન ખોટાં છે.
(c) A સાચું અને B ખોટું છે.
(d) A ખોટું અને B સાચું છે.

૮. રમેશ પારેખનું પૂરું નામ જણાવો.

૯. રમેશ પારેખની જેમાં સમગ્ર કવિતા ગ્રંથસ્થ થઇ હોય તેવા કાવ્યસંગ્રહનું નામ જણાવો.

૧૦. નીચેનામાંથી કયા કાવ્યસંગ્રહોનું જોડખું રમેશ પારેખના કાવ્યસંગ્રહોનું છે.
(અ) ખંડિગ અને ત્વ
(બ) હસ્તાક્ષર અને અટકળ
(ક) તાંબુલ અને તાંદુલ
(ડ) મોંસૂઝણું અને મિતવા

પ્ર.૨ અર્વાચીન ઊર્મિકવિતાના વિકાસની ઝાંખી કરાવો. (૧૫)

**અથવા**

પ્ર.૨ નોંધ લખો. **(બન્ને)**
(૧) આધુનિક ગીત
(૨) ગઝલના વિકાસના વિવિધ તબક્કા

પ્ર.૩ 'અંગત'ની કવિતાને આધારે કવિ રાવજી પટેલની સર્જનશીલતાના વિશેષો તારવી આપો. (૧૫)

**અથવા**

પ્ર.૩ નોંધ લખો. **(બન્ને)**
(૧) 'અંગત'ની કવિતામાં કૃષિ અસબાબનું નિરૂપણ
(૨) 'અંગત'ની કવિતામાં કલ્પન અને પ્રતીક

પ્ર.૪ 'છ અક્ષરનું નામ'ને આધારે રમેશ પારેખની કવિ તરીકેની સિધ્ધિઓ અને મર્યાદાઓ જણાવો. (૧૫)

**અથવા**

પ્ર.૪ નોંધ લખો. **(બન્ને)**
(૧) 'છ અક્ષરનું નામ'ની ગઝલો.
(૨) ગીતકાર રમેશ પારેખ.

પ્ર.૫ **અ** માંથી એક અને **બ** માંથી એક નોંધ લખો. (૧૫)
(અ) (૧) 'અંગત'ની દીર્ઘરચનાઓ
(૨) 'અંગત'નાં ગીતો
(બ) (૧) રમેશ પારેખના તમને ગમેલા એક કાવ્યનો આસ્વાદ કરાવો
(૨) રમેશ પારેખની વ્યંગ-કટાક્ષની કવિતા.

@ @ @ @ @ @ @